# બીએસીએ એલમની એસોસિએશન, આ.કૃ.યુ., આણંદ દ્વારા

# ડૉ. દિવાકર પટેલ મેમોરિઅલ લેક્ચરનું આયોજન

બીએસીએ એલમની એસોસિએશન, આ.કૃ.યુ., આણંદ દ્વારા તા.૧૨.૦૯.૨૦૨૨ના રોજ બીએસીએ, ઓડિટોરિયમ હોલ, આકૃયુ, આણંદ ખાતે ડૉ. દિવાકર પટેલ મેમોરિઅલ લેક્ચરનું આયોજન માન. કુલપતિશ્રી, ડૉ. કે. બી. કથીરીયા સાહેબશ્રીની અધ્યક્ષતા હેઠળ કરવામાં આવ્યું હતું. જેમાં અંદાજે ૪૦૦ વિધાર્થીઓ તથા વૈજ્ઞાનિકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

સદર પ્રસંગે માનનીય કુલપતિશ્રી, ડૉ. કે. બી. કથીરીયા સાહેબશ્રીએ ઉપસ્થિત સર્વેને બાયોફોર્ટીફીકેશન દ્વારા જમીન-છોડ-મનુષ્યમાં પોષકતત્વોની જરૂરિયાત પૂરી પાડી માનવમાં રોગપ્રતિકારક શક્તિ વધારવા તેમજ પાકોમાં વૈવિધ્યકરણ કરવા પ્રોત્સાહિત કરેલ. આ કાર્યક્રમમાં અતિથિ વિશેષ તરીકે સંશોધન નિયામક અને વિદ્યાશાખાઅધ્યક્ષશ્રી, ડૉ. એમ. કે. ઝાલા દ્વારા ખોરાકની સાંકળમાં પોષણ સલામતી બાબતે વિશેષ ભાર મુક્યો હતો. ડૉ. વાય. એમ. શુક્લ, આચાર્યશ્રી દ્વારા સ્વાગત પ્રવચન કરવામાં આવ્યું હતું તથા ડૉ. કે. સી. પટેલ, સેક્રેટરી, એલમની એસોસીએશન દ્વારા વિવિધ એવોર્ડની જાહેરાત કરવામાં આવી હતી.

સદર ડૉ. દિવાકર પટેલ મેમોરિઅલ લેક્ચરમાં વિષય નિષ્ણાત પ્રવક્તા તરીકે ડૉ. એ. કે. સાશાણી, ડાયરેક્ટર શ્રી, નેશનલ ઈનસ્ટીટ્યુટ ઓફ પ્લાન્ટ બાયોટેક્નોલોજી, ન્યુ દિલ્હી, દ્વારા "બાયોટેક્નોલોજીકલ ઈન્ટરવેન્શન ફોર ન્યુટ્રીશનલ સિક્યુરીટી" વિષય પર વ્યાખ્યાયન આપ્યું હતું. જેમાં કુપોષણ સામે લડવાની તક, ખેતી પાકોમાં બાયોટેક્નોલોજી દ્વારા બાયોફોર્ટીફિકેશન અપનાવી પાકમાં લોહ તથા જસતની માત્રા વધારવા બાબતે વિગતવાર વ્યાખ્યાયન આપ્યું હતું. ડૉ. જીગર મિસ્ત્રી દ્વારા ડૉ. દિવાકર પટેલના બાયોડેટા તથા ડૉ. સુશીલ કુમારે પ્રવક્તાના બાયોડેટાની ટુંકમાં માહિતી આપી હતી અને અંતમાં ડૉ. જી. બી. પાટીલ દ્વારા આભાર વ્યક્ત કરાયો હતો.

## કાર્યક્રમની ઝાંખીઓ




Director,
:Organized By:
BACA ALUMNI ASSOCIATION
B. A. COLLEGE OF AGRICULTURE
ANAND AGRICULTURAL UNIVERSITY, ANAND, GUJARAT
(Monday), Time: 10.00 hrs



